તારીખ :   /07/2021

વિષય : તા.  17/07/2021 ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ :   શ્રી વશરામભાઈ સાગઠીયા

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
| --- | --- | --- |
| ૧૫ (૧) | મ.ન.પા. નાં કોલ સેન્ટર માં છેલ્લા એક વર્ષ માં કેટલી ફરિયાદો નોંધાઈ છે ? કેટલી સોલ્વ કરવામાં આવેલ છે ? કેટલી ફરિયાદો નો નિકાલ કરવામાં આવેલ છે ? | મ.ન.પા. નાં કોલ સેન્ટર માં છેલ્લા એક વર્ષ (તા ૦૧-૦૭-૨૦૨૦ થી ૩૦-૦૬-૨૦૨૧) સુધીમાં ૨,૦૫,૮૧૪ ફરિયાદો નોંધાઈ છે જે પૈકી ૧૮૯૮૭૭ ફરીયાદો સોલ્વ કરવામાં આવેલ છે અને અન્ય બાકી કુલ ફરીયાદો ૧૫૯૩૭ અંગત માલીકીની જગ્યા, ખોટી જણાતી ફરીયાદ, મહાનગરપાલિકાને લગત ન હોય, મહાનગરપાલિકા હદની બહાર હોય વિગેરે પ્રકારની છે. |

શાખા: આઈટી વિભાગ

શાખાધિકારીની સહી: ____________

તારીખ :- ૧૨/૦૭/૨૦૨૧

વિષયઃ- તા.૧૭-૦૭-૨૦૨૧ નાં જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામઃ- શ્રી વશરામભાઇ સાગઠીયા

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૧૫ (૨) | શહેરમાં કેટલા બ્રિજ / નાલા / પુલમાં પાણી ભરાવાની સમસ્યા છે? કેટલા વર્ષોથી ? આ સમસ્યાનો ઉકેલ કેમ કરવામાં આવતો નથી? | સેન્ટ્રલ ઝોનનાં વોર્ડ નં.૩ માં આવેલ પોપટપરા નાલામાં પાણી ભરાવાની સમસ્યા રહે છે.<br>પોપટપરા નાલામાં આવતું વરસાદી પાણી વોટર વે હોવાથી લાગુ વોકળામાં જ પાણીનો નિકાલ થઇ રહેલ છે. વરસાદી પાણીની આવક વધારે હોય તેટલા સમય પુરતું પાણીનું લેવલ વધવાથી વોકળામાં નિકાલ થાય ત્યાં સુધી અસ્થાયીરૂપે સ્થળ પર બેરીકેડીંગ કરવામાં આવે છે. અને પાણીનું લેવલ ઓછું થતાં વાહન વ્યવહાર ચાલુ કરવામાં આવે છે.<br>વધુમાં, મહિલા કોલેજ અન્ડરબ્રિજ, આમ્રપાલી અન્ડરબ્રિજ તથા રેલનગર અન્ડરબ્રિજમાં વધારે વરસાદ સમયે પાણી ભરાય છે, જે વરસાદી પાણીનાં નિકાલ માટે પમ્પીંગ મશીનરી તથા સ્ટ્રોમ વોટર ડ્રેઇનની વ્યવસ્થા છે. |
| ૧૫ (૩) | પીવાના પાણીની સપ્લાય માટે રાજકોટ શહેરમાં કયા કયા વોર્ડમાં ડી.આઇ. પાઇપ લાઇન નાખવાની બાકી છે? અને ૨૪ કલાક પીવાનું પાણી આપવાનું કાર્ય કયાં વિસ્તારોમાં ચાલુ છે? | (see table below)<br>➤ ચંદ્રેશનગર હેડવર્કસ વિસ્તારમાં ૨૪ કલાક પાણી વિતરણની વ્યવસ્થા માટે મીટર સહિતની ઇત્યાદી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. પરંતુ પ્રવર્તમાન નિયમાનુસાર હાલ ૨૦ મીનીટ પાણી વિતરણ કરવામાં આવી રહેલ છે. |

| વોર્ડ નં. | |
|---|---|
| ૧ (પાર્ટ) | ➤ સામેલ યાદી મુજબ ડી.આઇ. પાઇપ લાઇનની કામગીરી કરવામાં આવેલ છે. અન્ય તમામ હેડવર્કસ / વિસ્તારોમાં ડી.આઇ. પાઇપ લાઇનની કામગીરી બાકી છે.<br>➤ વોર્ડ નં.૨, ૬, ૯, ૧૦ તથા પાર્ટ તમામમાં ડી.આઇ. પાઇપ લાઇનનું કામ બાકી છે. |
| ૮,૧૧,૧૩ (પાર્ટ) | |
| ૧૧ (પાર્ટ) | |
| ૧૨ (પાર્ટ) | |
| ૧૩(પાર્ટ) | |
| ૧૩(પાર્ટ) | |
| ૭ (પાર્ટ), ૧૪ (પાર્ટ) | |
| ૩ (પાર્ટ) | |
| ૧૮ (પાર્ટ) | |
| ૧૮ (પાર્ટ) | |
| ૧૮ (પાર્ટ) | |
| ૪ (પાર્ટ) | |
| ૬ (પાર્ટ) | |

એડી. સીટી એન્જીનીયર
રાજકોટ મહાનગરપાલિકા